**EDII**

**Divybhaskar**

**(Citybhaskar)**
**June 30, 2018**
**Pg.1**

## વિદ્યાર્થીઓને અપાતા ગોલ્ડ મેડલ હકીકતમાં હોય છે માત્ર ચાંદી

# ગોલ્ડ વિનાના ગોલ્ડ મેડલ

## માત્ર બે મહિના બાદ જ ચળકાટ ગુમાવી દે છે

**CB INVESTIGATION**

વિજય ચૌહાણ vijay.chauhan@dbcorp.in

ગોલ્ડમેડલ મેળવનાર વિદ્યાર્થીઓ માટે તેઓનું ગોલ્ડમેડલ જીવનભર માટે સન્માનનું પ્રતિક હોય છે પણ વિદ્યાર્થીઓને આપવામાં આવેલું આ મેડલ ગોલ્ડમેડલ ગોલ્ડ નહિ સિલ્વર છે. આજે EDIIના19માં પદવીદાન સમારોહ છે જેમાં 3 વિદ્યાર્થીઓને ગોલ્ડ અને 3 ને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવશે. સિટી ભાસ્કરે ગોલ્ડ મેડલમાં ખરેખર કેટલુ ગોલ્ડ હોય છે. તેની ચકાસણી કરાવી.વિદ્યાર્થીઓ ને આપવા આવતું ગોલ્ડમેડલ ખરેખર 'સિલ્વર મેડલ વીથ ગોલ્ડ પ્લેટિંગ' હોય છે.

## કેવી રીતે બનાવામાં આવે છે ગોલ્ડ મેડલ

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ઈડીઆઈઆઈ અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા દર વર્ષે ગોલ્ડ મેડલ મેળવનારા વિદ્યાર્થીઓનો આંકડો મંગાવવામાં આવે છે. જીટીયુ દરવર્ષે 135 ગોલ્ડ મેડલ આપે છે તે બનાવવા ટેન્ડર બહાર પાડે છે. સૌથી ઓછા ભાવ આપનાર વ્યકતિનું ટેન્ડર મંજુર કરવામાં આવે છે. જેમાં ગોલ્ડનું પ્રમાણ કેટલુ છે તે જોવામાં આવતું નથી પરંતુ ચાંદીના પ્રમાણના આધારે મેડલ અપ્રુવ કરાય છે. આ મેડલ બે મહિનામાં પોતાની ચળકાટ ગુમાવે છે.




### શહેરની ત્રણ ઈન્સ્ટિટ્યૂટના ગોલ્ડ મેડલ

| ઇન્સ્ટિટ્યૂટનું નામ | સંખ્યા (વાર્ષિક) | વજન (ગ્રામ) | ચાંદી |
|---|---|---|---|
| EDII | 5 | 70.00 | 69.800 |
| GTU | 135 | 50.00 | 49.800 |
| ગુજરાત યુનિવર્સિટી | 250 | 29.50 | 29.480 |

## ગોલ્ડમેડલમાં સોનુ હોતું જ નથી

લાલાભાઇ શાહ, ગોલ્ડ એક્સપર્ટ

આ પ્રકારના મેડલમાં મુખ્યત્વે ચાંદી, કોપર અને સોનાનું પાણી કે સોના જેવી ચળકાટ આપતુ કેમિકલ વપરાય છે.પરંતુ જે સોનાનું પાણી મેડલ પર ચઢાવવામાં આવે છે. પણ હકિકતમાં તે સોનું હોતુ નથી અને જો મેડલને વેચવામાં આવે તો તેની કિંમત પણ વધારે થતી નથી.